### પાલનપુરમાં ઢૂંઢીયાવાડીના

# કુખ્યાત કૂટણખાના પર પોલીસની રેડ

## સંચાલિકાને ગિરફ્તાર કરી લેવાઈ : ૨ યુવતીઓને મુક્ત કરાવાઈ



પાલનપુર, તા.૪

સરહદી બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરના ઢૂઢિયાવાડ઼િ વિસ્તારમાં રહેણાંક મકાનમાં વર્ષોથી ચાલતા કુખ્યાત કૂટણ ખાના પર પોલીસે રેડ કરી હતી. જેમાં પોલીસે એક મહિલા સંચાલકની અટકાયત કરી હતી. જ્યારે ૨ યુવતીઓને પોલીસે મજબૂરીમા થી મુકત કરાવી હતી.

પાલનપુરની સ્વાગત સોસાયટીમાંથી થોડા સમય પહેલા કૂટણખાનું પકડાયા બાદ આજે પોલીસે ઢૂઢિયાવાડ઼ વિસ્તાર ના રહેણાંક મકાન મા ડ્મી ગ્રાહ઼ક મોકલી ભરચક વિસ્તાર મા ચાલતા કૂટણખાનાનો પરદાફાશ કર્યો હતો અને મજબૂરી થી આ ધંધા મા આવનાર ૨ યુવતી ઓ ને પોલીસે મુકત કરાવી હતી.

ઢૂઢિયાવાડીમાં વિજયા ઠાકોર નામની મહિલા બહાર થી યુવતી ઓ લાવી પોતાના રહેણાંક મકાન મા કૂટનખાનું ચલાવતિ હતી.જો કે, રાજકીય ઓથ ધરાવતી વિજયા ઠાકોરની છાપ માથાભારે હોઈ રહીશો આવા બદનામ ધંધા ને મજબૂરી થી સહન કરી લેતા હતા. જો કે, સ્વાગત સોસાયટી મા થી ફૂટણ ખાનું પકડાયા બાદ પશ્ચિમ પોલિસ મથક ના પી આઈ જે.ડી. મેવાડા એ આજે ચોક્કસ બાતમીને આધારે એક ડ્મી ગ્રાહકને મોકલી ઢૂઢિયાવાડીમાં સરવસ્તીના ધામ પાસેના વિજયા ઠાકોર ના રહેણાંક મકાન મા રેડ કરી ૨ યુવતી ઓ સહીત સંચાલક વિજયા ઠાકોર ની અટકાયત કરી ૨ યુવતી ઓ ને મુકત કરાવી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાની પી.આઈ. જે ડી મેવાડાએ જણાવ્યું હતું.

# પાલનપુર મુકામે કલેક્ટરના હસ્તે અઠવાડિક શાકમાર્કેટનો પ્રારંભ



પાલનપુર, તા.૪

લોકોની સુવિધા માટે પાલનપુર મુકામે પાવરહાઉસ પાસે આવેલ કે.મા.ચોકસી સ્કુલ આગળના પ્રાંગણ કલેક્ટર જેનુદેવનના હસ્તે અઠવાડિક શાકમાર્કેટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સ્થળે દર રવિવારે સવારે ૬ વાગ્યાથી સાંજ સુધી શાકમાર્કેટ ભરાશે. જેના દ્વારા લોકોને પોતાની પસંદગીના વિવિધ તાજા લીલા શાકભાજી મળી શકશે. ગામડાઓમાંથી તાજા લીલા શાકભાજી લઈને વેચવા માટે આવતા ભાઈબહેનોને આ માર્કેટ બહુ ઉપયોગી નિવડશે. ગામડાઓમાંથી શાકભાજી લઈને વેચવા માટે આવતા ભાઈબહેનોને આ માર્કેટમાં તેમના શાકભાજી ખુબજ સહેલાઈથી અને એક જ જગ્યાએથી વેચાણ માટે ખુબજ ઉપયોગી નિવડશે. તો શહેરીજનો પણ રજાના દિવસે પોતાની પસંદગીના વિવિધ તાજા લીલા શાકભાજી ખરીદી શકશે. અઠવાડિક શાકમાર્કેટના પ્રારંભ પ્રસંગે પાલનપુર નગરપાલસકાના પ્રમુખ શ્રીમતી નિલમબેન જાની,જિલ્લા વિકાસ અધિકારી અમીત અરોરા, પ્રાંત અધિકારી જે.બી.દેસાઈ, નગરપાલીકાના ચીફ્ ઓફીસર સહિત અગ્રણીઓ અને સારી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### મેઘરજના બેડજ પાટીયા પાસેથી

# વાહનચાલકોને લૂંટતા ચાર ઈસમો ઝડપાયા



મેઘરજ, તા.૪

મેઘરજના બેડઝ પાટીયા પાસે શુક્રવારના રાતના આશરે એક વાગ્યાના અરસામાં રાજસ્થાનનો એક બોલેરો પીકઅપ ડાલામાં મકાનના બારી બારણા લઈ અમદાવાદથી મોડસા થઈ મેઘરજ બાજુ આવતો હતો ત્યારે બેડઝ પાટિયા પાસે ચાર ઈસમો સ્કોર્પીઓ ગાડી લઈ ઉભા હતા. જેમાંથી બે ઈસમો પાસે પોલીસ જેવા નકલી દંડા હોવાથી આ ચાર ઈસમોએ આ ડાલાને દંડો બતાવી ઉભો રાખ્યો હતો અને ગાડીમાંથી ડ્રાઈવરને ફેંટ પકડીને નીચે ઉતારી તેને ગડદાપાટુનો માર મારી ડ્રાઈવરના ખિસ્સામાંથી રૂ. ૫૦૦ અને જેન ચાઈના કંપનીનો મોબાઈલ પણ લુંટી લીધો હતો અને લુંટારૂઓએ ડ્રાઈવરને કહ્યું હતું કે જો આ વાત કોઈને કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેથી આ લુંટાયેલ ડ્રાઈવર બનાવના સ્થળ ઉપરથી મેઘરજ તરફ આવી રહ્યો હતો ત્યારે પેટ્રોલ પંપ પાસે પેટ્રોલીંગમાં નીકળેલી પોલીસની ગાડી જોવા મળતાં આ ભોગ બનનાર ડ્રાઈવરે આ બનાવની જાણ પોલીસને કરતાં મેઘરજ પોલીસના સ્ટાફે બોલેરો પીકઅપ ડાલાના ડ્રાઈવરને સાથે રાખી બેડઝ પાટિયા પાસે સ્થળ તપાસ કરતા ચાર ઈસમો ઉભા હતા અને પોલીસે ગાડી પણ ઉભી રાખી હતી ત્યારે પોલીસે અટકાયત કરી સ્કોર્પીઓ ગાડી સહિત ચારેય ઈસમોને મેઘરજ પોલીસ સ્ટેશન લાવી ગાડીની અંદર તપાસ કરતાં ગાડીમાંથી પોલીસ લખેલ પ્લેટ, લોખંડનો સળિયો અને બે પોલીસની લાકડીઓ મળી આવતાં શખ્સોની પુછપરછ કરી ચોર આરોપીઓ નિકુલસિંહ અનિરુધ્ધસિંહ સોલંકી રહે. વણકોર વિરમગામ, જી. અમદાવાદ, ધર્મેન્દ્રસિંહ જગદીશસિંહ ચૌહાણ રહે. ટિબા તા. સતલાસણા, જિ. મહેસાણા, ઈન્દ્રસિંહ મહેન્દ્રસિંહ જાડેજા રહે. બેડઝ, તા. મેઘરજ, જિ. અરવલ્લી અને જશપાલસિંહ જગદીશસિંહ ચૌહાણ રહે. ટિમ્બા, તા. સલતાસણા, જિ. મહેસાણા હાલ રહે. ગીતા મંદિર, અમદાવાદ આ ચારેય ઈસમો સાથે બોલેરો પીકઅપ ડાલાના ચાલક કાળુભાઈ ભગવાનભાઈ અસારી રહે. અલવર તા. સીમલવાડા રાજસ્થાનનાએ મેઘરજ પોલીસ મથકે લુંટની ફરિયાદ નોંધાવતા મેઘરજ પોલીસે ચારેય આરોપીઓ સામે ઈપીકો કલમ ૩૯૪, ૫૦૬ (૨), ૧૪૪ મુજબ ગુન્હો નોંધી પોલીસે અમદાવાદ, મહેસાણા અને પાટણ જિલ્લામાં આ ઝડપાયેલ આરોપી અગાઉ કોઈ ગુનામાં સંડોવાયેલા છે કે કેમ તે બાબતની મેઘરજ પોલીસે મેસેજ દ્વારા જાણ કરી આરોપીઓના રિમાન્ડ માગવાની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાની જાણ ડીવાયએસપી બલોલીયા તેમજ અરવલ્લી એલસીબી અને એસઓજીને થતાં તાબડતોબ મેઘરજ પોલીસ મથકે દોડી આવતા આરોપીઓની પુછપરછ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઉત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ મેઘરજ તાલુકામાં કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ખાનગી વાહનમાં જઈ ખુલ્લેઆમ ઉઘરાણા કરવામાં આવે છે અને દારૂ તેમજ કતલખાને લઈ જવાતા પશુઓની ગાડીઓ તેમની હદ સુધી મુકી આવતા હોવાની રાડ બુમ ઉઠી હતી જે હજુ પણ જિલ્લાની સ્પેશિયલ ટીમ દ્વારા વોચ રાખવામાં આવે તો આવા અનેક ગુન્હેગારો અને ગુન્હાને પ્રોત્સાહન આપનારાઓ ઝડપાય જાય તેવી સંભાવના સેવાઈ રહી છે.

### નોટબંધી મુશ્કેલી વચ્ચે...

# મોકેશ્વર ધામે આયોજિત લોક ડાયરામાં ઉછળી નવી ૨૦૦૦ની નોટોની છોળો

## હિમગીરી બાપજીની ચૌલક્રીયા નિમિતે કિર્તીદાન ગઢવીના લોક ડાયરામાં લાખો રૂપિયાની નવી નોટોનો કલાકારો પર વરસાદ કરાયો

પાલનપુર, તા.૪

એક તરફ નોટ બંધી પગલે દેશ જનતા મુશ્કેલી મુકાઈ ગઈ છે તો બીજી તરફ ધાર્મિક લોક ડાયરામાં ખુલ્લે આમ ૨૦૦૦ની નવી નોટો ઉછળતી હોવાનું વિડીયો વાયરલ થયો છે. વડગામના મોક્શ્વર મહાદેવ મંદિર ખાતે હિમગીરી બાપજીની ચૌલક્રીયા નિમિતે ગુજરાતના જાણીતા લોકગાયક કિર્તીદાન ગઢવીના લોક ડાયરામાં લાખો રૂપિયાની ૨૦૦૦ની નવી નોટોનો કલાકારો પર વરસાદ કરવામાં આવ્યો હતો. વાઈરલ થયેલા વિડિયોમાં આપ જોઈ રહયા છે કે કિર્તીદાન ગઢવીની પાછળ ઉભી રહેલી ભગવા વસ્ત્રોમાં નજરે પડતી સાધ્વી જયશ્રી આનંદગીરી ૨૦૦ની નવી નોટોની વર્ષા કરી રહી છે. આજે કેન્દ્ર સરકારના નોટો બંધીનો ૨૬માં દિવસ છે ત્યારે છેલ્લા ૨૬ દિવસથી દેશ ના નાગરિકો નવી નોટો મેળવવા માટે કલાકો સુધી લાઈન માં ઉભા રહીને કઠોર મુશ્કેલી વેઠી રહ્યા છે. તો બીજી તરફ ધાર્મિક અવસરે લોક ડાયરામાં ૨૦૦૦ની નવી નોટોની કલાકારો પર ઉછળતી નોટોનો વિડીયો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. લાખો રૂપિયાની નવી નોટો છુટા હાથે માંડી રાત સુધી ઉડવામાં આવી હતી જો કે નવી નોટોના લાખોની ચલણી નોટો ક્યાંથી આવી તે ચર્ચાએ જોર પકડ્યું છે.

### લાખણી ખાતે

# રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષકના સન્માન સમારોહનું આયોજન

પાલનપુર, તા.૪

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના વાસણા (વાતમ) ખાતે રાષ્ટદ્ર પતિ એવોર્ડ વિજેતા શિક્ષક આંબાભાઈ પટેલનો વાસણા (વાતમ) પગાર કેન્દ્ર શાળા ધ્વારા સન્માન સમારોહ યોજાયો હતો. વર્ષ ૨૦૧૬માં માન.રાષ્ટપતિશ્રી પ્રણવ મુખરજીના વરદહસ્તે દિલ્હી ખાતે તેમને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમના માનમાં શાળાના આચાય જીતુભાઈ પંચાલ, અગ્રણી, પ્રવિણભાઈ પરમાર અને ગામલોકો ધ્વારા સન્માન સમારોહ યોજવામાદ્ર આવ્યો હતો. આ પ્રસંગે રાષ્ટદ્રભપતિ અવોર્ડ વિજેતા આંબાભાઈ પટેલે કહ્યું હતું કે વિદ્યાર્થીઓ ભણી ગણીને આગળ વધે તથા દેશનું નામ રોશન થાય તેવા ઉત્તમ કાર્યો કરે જેનાથી દેશની પ્રગતિ થશે. તેમણે કુમળા બાળકોને ભણવવા પર ભાર મુકતા કહ્યું કે ભણવાની ઉંમરમાં બાળકો સારુ શિક્ષણ મેળવે તેની માતાપિતા પણ કાળજી રાખે તે જરૂરી છે.

આ પ્રસંગે ગામના યુવા અને ઉત્સાહી અગ્રણીશ્રી પ્રવિણભાઈ છગનભાઈ પરમારે રાષ્ટ્રપતિ અવોર્ડ વિજેતા આંબાભાઈ પટેલનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. તેમજ વાસણા ગામના વીરભગતસિંહ યુવક મંડળ દ્વારા વીરભગતસિંહનો ફેટો આપી શિક્ષકનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ગામના અગ્રણી પ્રભુભાઈ પરમાર, ભલજીભાઈ દિનેશભાઈ રાજપુત, દૂધ ડેરીના મંત્રી સવજીભાઈ રાજપુત, કરશનભાઈ રાજપુત, ઈશ્વરભાઈ જાષી, ભરતભાઈ પોપટભાઈ અને શાળાનો સ્ટાફ્ તથા વિદ્યાર્થીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન દશરથભાઈ જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ રમેશભાઈ પરમાર દ્વારા કરવામાં આવી હતી.

# કરોલમાં ઝેરી દવા પી જતાં મહિલાનું મોત

પ્રાંતિજ, તા.૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાનાં કરોલ ખાતે રહેતી મહિલા જમનાબેન ભકિતસિંહ મકવાણા ઉ.વર્ષ- ૪૫ કે જેવો પોતાનાં ઘરે કોઈ અગમ્યસર કારણસર ઝેરી દવા પી જતા તેમને પહેલાં હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં અને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ ખાતે લઈ જવામાં આવ્યાં હતાં જયાં સારવાર દરમ્યાન જમનાબેનનું મોત નિપજતાં સિવિલ હોસ્પિટલમાં હાજર તબીબ ડૉ. એ.કે. અગ્રવાલ દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં જાણ કરાતાં પ્રાંતિજ પોલિસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે .

# માણસા ખાતે ૪૧ કડવા પાટીદાર સમાજનો સમૂહ લગ્ન મહોત્સવ યોજાયો





ગાંધીનગર, તા.૪

સમૂહ લગ્નોત્સવમાં ગૃહસ્થ જીવનમાં પ્રભુતાના પગલા માંડનાર ૨૪ નવદંપતીઓને રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ આર્શીવાદ આપવા માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતુ કે સમૂહ લગ્ન પછી સમાજમાં અમીર અને ગરીબ વચ્ચે સમાનતા કેળવાય છે અને લગ્ન સમારંભમાં થતા દેખાદેખી પણ ઘટે છે તથા સમાજમાં એકતા જળવાય છે.

આ સમૂહ લગ્નમાં મહંતશ્રી દુર્ગાદાસજી મહારાજ-સાયલા, સમાજના આગેવાન શ્રી ડી.ડી. પટેલ, નિલેષ આર. પટેલ તથા મોટી સંખ્યામાં સમાજના ભાઈઓ – બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં આજે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે

પાલનપુર, તા.૪

પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ રાજય સરકાર ધ્વારા પ્રજાની લાગણી માંગણી અને અપેક્ષાઓ પૂર્ણ કરવા તથા સરકારની યોજનાઓનો લાભ અને સહાયતા અંગેની નાગરિકોની વ્યક્તિગત રજુઆતો, અરજીઓનો સ્થળ ઉપર ઉકેલ લાવવા માટે પાલનપુર ખાતે તા.૫/૧૨/૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા દરમ્યાન જામપુરા પ્રાથમિક શાળામાં નગરપાલિકાના વોર્ડ નં.૭, ૮ અને ૯ વિસ્તારનો સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાદ્ર બી.પી.એલ.દાખલા, આવક, જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલના દાખલા સ્થળ પર જ આપવામાં આવશે. તેમજ રેશનકાર્ડને લગતી અરજીઓ લેવામાં આવશે. તથા આધારકાર્ડ અને મા અમૃતમ અને મા વાત્સલ્ય કાર્ડ કાઢવાની કામગીરી કરવામાં આવશે. ઉપરાંત કૃષિ, પશુપાલન, સહકાર, સમાજ કલ્યાણ, આદિજાતિ વિભાગ, જિલ્લા ઉધોગ કેન્દ્રની યોજનાઓ, જન્મ મરણના દાખલા વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર, સ્કોલરશીપ યોજનાઓ, વિધવા સહાય, નિરાધાર વૃધ્ધ સહાય યોજનાઓની માહિતીમાર્ગદર્શન અરજીઓ લેવામાં આવશે. વધુમાદ્ર જમીન માપણી અને નવી નોંધ (ઈધરા)ની વિવિધ યોજનાઓ, વિવિધ યોજનાઓના કોરા ફોર્મની વિનામૂલ્યે ઉપલબ્ધી, ઝેરોક્ષ મશીનની વ્યવસ્થા, અરજી લખનાર, એફ્ડિવીટ અને સ્ટેમ્પ વેન્ડરની સુવિધા, મફ્ત ડાયાબીટીસ અને બ્લડ ગ્રુપીંગ ચેક અપ કેમ્પ સેવાઓ પુરી પાડવામાં આવશે. શેરી ફ્રેરીયાઓની નોંધણી, સ્વરોજગાર કાર્યક્રમ અંતર્ગત લોનસ્વ સહાય જુથોની નોંધણીની કામગીરી મિલ્કત આકારણી અને મિલ્કત વેરાની કામગીરી નેશનલ અર્બન લાઈવલી હુડ મિશનના તાલીમાર્થી નોંધણીની કામગીરી કરવામાં આવશે. રાષ્ટ્રીય શહેરી આજીવીકા મિશન અંતર્ગત સીટી મિશન મેનેજમેન્ટ યુનિટ મારફ્તે કાર્યરત શહેરી આજીવીકા કેન્દ્ર વગેરે અંગે. સરકારશ્રીના આ કાર્યક્રમનો મહત્ત્મ લાભ લેવા વોર્ડ નં.૭, ૮ અને ૯ ના વિસ્તારની જાહેર જનતાને પાલનપુર નગરપાલિકાના મુખ્ય અધિકારી દ્વારા જણાવાયું છે.

### રાયગઢ ગામની ઘટના

# હડકવા ઉપડતાં તોફાને ચડેલી ગાયે તરખાટ મચાવતાં ગામમાં નાસભાગ

મોડાસા તા.૪

અરવલ્લી જિલ્લાની સરહદે રાયગઢ ગામે ગાયને હડકવા ઉપડતાં ગામમાં તરખાટ મચી ગયો હતો. હડકવા ઉપડેલી ગાયે આખા ગામની શેરીઓ અને રસ્તાઓ ઉપર દોડાદોડ કરી મુકતા તેની અડફેટથી બચવા લોકોમાં પણ ભારે નાસભાગ મચી ગઈ હતી. કોઈ હડકાયું કૂતરું કરડી જતા ગત રાતે તોફાને ચડેલી આ ગાયે આખું ગામ માથે લીધું હતું. ગામની આ બાજુથી બીજી બાજુ અને ત્યાંથી શેરીઓમાં અને ગામના મુખ્ય રસ્તાઓ ઉપર દોડાદોડ કરી મુકતા સ્થાનિકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. ગાયના તોફાનથી લોકોમાં ભારે ભયની લાગણી પ્રવર્તતા સરપંચ જોશીએ ગામના રહીશ અને સ્કાઉટ ગાઈડ સંઘના ચીફ કમિશનર અતુલભાઈ દીક્ષિતને બનાવની ગંભીરતાની જાણ કરતા તેમણે તુરત જ પ્રાણી અત્યાચાર નિવારણ સમિતિના એક હોદ્દેદારને જાણ કરી ગાયને અંકુશમાં લેવા પગલાં ભરવામાં આવે તેવી રજૂઆત કરી હતી પણ આ દિશામાં કોઈ જ મદદ નહીં મળતા આખરે અતુલભાઈએ હિંમતનગર ખાતે જિલ્લા કલેક્ટર પી.સ્વરૂપનું ધ્યાન દોરતા તેમણે તાબડતોબ જિલ્લા પંચાયતના વેંટરનરી પશુ ચિકિત્સકોની ટીમને રાતોરાત રાયગઢ ગામે મોકલી આપી હતી. દરમિયાન ભારે તોફાને ચઢેલી આ ગાય આમથી તેમ દોડધામ મચાવી અફડાતફડીમાં ગાયના બે પગ તૂટી જતા તેનું જોર ઘટી ગયું હતું. આ બાજુ આખું ગામ ભેગું થઈ ગયું હતું અને પશુ ચિકિત્સકોની અહીં આવી પહોંચી ટીમે જેસીબી મશીનથી ગાયને એક ટ્રેક્ટરમાં ચડાવી ગામથી દૂર સીમમાં મૂકી આવ્યા હતા જ્યાં રાત્રિના સમયે ગાયનું કુદરતી મોત થતા આજે તે જ સ્થળે ખાડો ખોદી ગાયને દફનાવી દેવાઈ હતી

## પાલનપુરમાં ઘર આગળ મૂકાયેલાં ત્રણ બાઈકનાં ટાયરની ચોરી

પાલનપુર, તા.૪

પાલનપુર ગોબરી રોડ પર વિસ્તારમાં આવેલ હરિ નગર સોસાયટીમાં રાત્રી દરમ્યાન ચોરો એ ત્રણ બાઈકના ટાયર ચોરીની કરી છે ઠંડીની મોસમનો લાભ લઈ ઘરની આગળ પાર્કિંગ કરેલી ત્રણ મોટર સાયકલના ટાયર, બેટરી અને પેટ્રોલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ચુક્યા હતા. આ બનાવ જાણ સ્થાનિક લોકો એ પૂર્વ પોલીસ મથકને કરી છે પાલનપુર શહેરમાં બાઈકના ટાયર ચોરીની આ પ્રથમ ઘટના હોવાનું જાણવા મળ્યું છે મોદી સરકારે નોટ બંધી કર્યા બાદ હવે તસ્કરો એ પણ ચોરીના પ્લાનમાં ફેરફાર કર્યું હોય એમ લાગી રહયું છે આ વિસ્તારમાં રહેતા નવીનભાઈ મેવાડા, ઈશ્વરભાઈ પ્રજાપતિ અને જયંતીભાઈ મેવાડાના ત્રણ બાઈકના ટાયર અને સ્પેર પાટ્ર્સની ચોરી થતા આ વિસ્તારના લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે.